INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી તા. ૨૬-૦૭-૨૦૨૨

- **કરોડો રૂપિયાનો દારૂ રોજ ગુજરાતમાં ઠલવાય, શરમ ન અનુભવતી નિષ્ફળ ભાજપા સરકાર.**
- **ગુજરાતમાં ઠેરઠેર દારુના બેરોકટોક વેચાણ અને મહેફીલ કાંડ, લઠ્ઠાકાંડ સહિતની નિષ્ફળતા અંગે ભાજપ કેમ મૌન છે ?**
- **કોંગ્રેસપક્ષના પ્રમુખ અને વિપક્ષ નેતા સહિત સ્થાનિક ધારાસભ્યશ્રીઓએ લઠ્ઠાકાંડમાં મૃતકોની અંતિમ યાત્રામાં જોડાઈ નશ્વરદેહને કાંધ આપી.**

ગુજરાતમાં ચાલતા બેરોકટોક દારૂનો વેપાર અને બોટાદ, અમદાવાદ જીલ્લાના ગામોમાં ગરીબ – સામાન્ય શ્રમિક ૨૬ થી વધુને મોતમાં ધકેલનાર લઠ્ઠાકાંડ બાદ સદંતર નિષ્ફળ ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, નશાબંધીના ચુસ્ત કાયદાના ગાણાગાતી - જાહેરાતો કરતી ભાજપ સરકારના શાસનમાં ગુજરાતમાં રોજ બેરોકટોક કરોડો રૂપિયાનો દારૂ ઠલવાય રહ્યો છે ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર છે અને ગુજરાતના ભવિષ્ય સમાન યુવાનો નશાના ખપ્પરમાં હોમાઈ રહ્યાં છે. ભ્રષ્ટાચારમાં ગળાડુબ ભાજપા સરકાર – ગૃહવિભાગ, કાગળ પરની દારૂબંધી અંગે નિષ્ફળ ભાજપા સરકાર લાજવાને બદલે ગાજવાનું બંધ કરે. ગુજરાતમાં ઠેરઠેર દારુના બેરોકટોક વેચાણ અને મહેફીલ કાંડ, લઠ્ઠાકાંડ સહિતની નિષ્ફળતા અંગે ભાજપ કેમ મૌન છે ? શાસકપક્ષના આદેશથી સત્તાધીશોની સીધી દોરવણી હેઠળ અધિકારીઓની મીલીભગતથી ચાલતી ગુજરાતમાં દારૂબંધી એ માત્ર નાટક છે, જેની લઠ્ઠાકાંડ ગવાહી છે. કોંગ્રેસપક્ષના જનપ્રતિનિધી, સ્થાનિક જનતા "જનતા રેડ" કરીને મોટાપાયે દારૂનો જથ્થો પકડે ત્યારે પકડાવનાર પર કાર્યવાહી કેમ ? ગુજરાતના એક જિલ્લાના પોલીસવડાએ પત્ર લખી દારૂના ખેપીયા, બૂટલેગરોનું પોલીસ દ્વારા પાયલોટીંગ કરવામાં આવે છે તેવા સત્તાવાર જાણ કરે તેમ છતાં કાર્યવાહી કેમ નહીં ? સ્થાનિક સરપંચની લેખિત રજુઆત છતાં કોઈ પગલા ભરાયા નહીં અને લઠ્ઠાકાંડ થયું. ૨૬થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા. કોંગ્રેસપક્ષના ધારાસભ્યશ્રી રાજેશ ગોહિલે સ્થાનિક સંકલન સમિતિમાં રજુઆત કરી હતી તેમછતાં પોલીસ તંત્રએ કોઈપણ પગલા ન લીધા.

તાજેતરમાં અમદાવાદ, બોટાદ, ભાવનગર જીલ્લાના વિસ્તારોમાં લઠ્ઠાકાંડને કારણે ૨૬ થી વધુ મૃતકના પરિવારજનોને સાંત્વના અને જાત માહિતી માટે બરવાળાના રોજીદ ગામે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોર, વિધાનસભા કોંગ્રેસપક્ષના નેતાશ્રી સુખરામ રાઠવા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખશ્રી જીગ્નેશ મેવાણી, સ્થાનિક ધારાસભ્યશ્રી રાજેશ ગોહિલ, શ્રી લાખાભાઈ ભરવાડ સહિત આગેવાનોએ પરિવારજનોની મુલાકાત લીધી હતી. મૃતકના પરિવારજનો, ગામના સ્થાનિકો સહિત ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોર, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી સુખરામ રાઠવા, ધારાસભ્યશ્રી જીગ્નેશ મેવાણી શ્રીરાજેશ ગોહિલ, શ્રી લાખાભાઈ ભરવાડ, અંતિમ યાત્રામાં જોડાઈ નશ્વરદેહને કાંધ આપી હતી. આ દુઃખદ ઘટના માટે અમારી પાસે શબ્દો નથી, પરમપિતા પરમેશ્વર મૃતકોના આત્માને શાંતિ આપે તેજ પ્રાર્થના.

---

અમદાવાદ, બોટાદ, ભાવનગર જિલ્લાના વિસ્તારનાં ગામોમાં થયેલા લઠ્ઠાકાંડને પગલે ૨૬થી વધુ લોકોના જીવ ગુમાવ્યા છે ત્યારે કોંગ્રેસ પક્ષનાં વરિષ્ઠ પ્રતિનિધી મંડળ દ્વારા અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા મોત સામે ઝઝુમતા પીડીત લોકોની મુલાકાત લીધી હતી.

સિવિલ હોસ્પિટલનાં સુપરિટેન્ડ સાથે કોંગ્રેસ પક્ષનાં પ્રતિનિધી મંડળ મુલાકાત કરી તમામ સારવાર લઈ રહેલા દર્દીઓની સ્વાસ્થ્ય અંગે માહિતી મેળવી હતી. સુપરિટેન્ડશ્રી દ્વારા ૧૨ દર્દીઓની તબિયત સારી હોવાની વિગતો આપી હતી. દર્દીઓને જરૂરી સારવાર મળે, જલ્દી સારા થાય તે અંગે કોંગ્રેસ પક્ષના ધારાસભ્યો, આગેવાનોનું પ્રતિનિધી મંડળ દ્વારા રજુઆત કરવાં આવી હતી. અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં દાખલ દર્દીઓનાં સગા-સંબંધીને રહેવા-ખાવા સહિતની સુવિધા અંગેની જાણકારી મેળવી કોઈપણ પ્રકારની જરૂરિયાત માટે આ કપરા સમયમાં કોંગ્રેસ પક્ષ તેમની સાથે છે તેવુ આશ્વાસન આપ્યું હતું.

પ્રતિનિધી મંડળમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ અને ધારાસભ્યશ્રી હિંમતસિંહ પટેલ, ધારાસભ્યશ્રી ઈમરાન ખેડાવાલા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખશ્રી બિમલ શાહ, અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી નીરવ બક્ષી, અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના વિપક્ષના નેતાશ્રી શેહજાદખાન પઠાણ સહિત શહેરના આગેવાનો - કાર્યકરો જોડાયા હતા.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા